## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ટી-ટ્વેન્ટીમાં શુ થયુ એ જોઇને કહેતા રહેજે... હુ G ટ્વેન્ટીનાં કામ પતાવી દઊ...!!

## આઈબીના ડીવાયએસપી એસ. એન. ચૌધરીનું હાર્ટ એટેકથી મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર પોલીસ ભવન ખાતે ઈન્ટેલીજન્સ વડી કચેરીના નાયબ પોલીસ અધિક્ષક એસ.એન.ચૌધરીનું ૪૮ વર્ષની વયે આજે વહેલી સવારે હાર્ટ એટેકથી દુઃખદ નિધન થતા પોલીસ બેડામાં શોકમય



વાતાવરણ છવાયું હતું. આજે વહેલી સવારે તેઓને છાતીમાં દુઃખાવો ઉપડતા કૌટુબીજનો તાત્કાલીક કુડાસણની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ હાજર ફરજ પરના તબિબે તેઓને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનોં નોંધી આગળતની તપાસ હાથ ધરી છે. કુડાસણ વિસ્તારમાં રાધે હોમ્સ ખાતે રહેતા નાયબ પોલીસ અધિક્ષક સંજયભાઈ નારણભાઈ ચૌધરી પરિવાર સાથે રહેતા હતા. પોલીસ ભવન ખાતે ઈન્ટેલીજન્સની વડી કચેરી ખાતે ફરજ બજાવતા હતા.મુળ વિસનગર તાલુકાના ડેડીયાળ ગામના વતની નાયબ પોલીસ અધિક્ષક વર્ષ ૨૦૦૭ ની બેચના હતા. નાયબ પોલીસ અધિક્ષક એસ.એન.ચૌધરી સહિતના પરિવારજનો સુઈ ગયા હતા. ત્યારે વહેલી સવારે તેઓને છાતીમાં દુઃખાવો થતા તેમને તાત્કાલીક નજીકમાં રાધે હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબિબ દ્વારા તેઓને મૃત જાહેર કર્યા હતા. અકાળે ઘરના મોભીનું હદયરોગના હુમલામાં અવસાન થતા પરિવારજનો પર આભ તુટી પડ્યુ હતું. બનાવની જાણ થતા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત કર્મચારીઓ દોડી આવ્યા હતા. જયારે બનાવની જાણ થતા ગાંધીનગર જિલ્લા પોલીસ બેડમાં પણ શોકનુ મોજુ ફરી વળ્યુ હતું.

### હથીયાર પ્રકરણના આરોપી જીતેન્દ્ર પટેલ

# ફલેટનો માલિક બની બારોબાર ભાડે આપી દેતા છેતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત એફોર્ડના બેઝમેન્ટમાંથી બિનવારસી કારમાંથી હથીયાર મળી આવ્યા હતા. આ પ્રકરણમાં પોલીસે રીઢા ગુનેગાર જીતેન્દ્ર પટેલની ધરપકડ કરી હતી. સ્વાગત એફોર્ડના ટી.૧૦૪ માં જે તે સમયે જીતેન્દ્ર પટેલ રહેતો હોવાનું પણ સામે આવ્યું હતું.

જયારે અત્રેના ફલેટની ચાવી બિલ્ડર દ્વારા જે તે સમયના સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ જે.એમ.ભરવાડને આપી હતી. ત્યારે જીતેન્દ્ર પટેલે બારોબાર ચાવી મેળવી લઈ ફલેટના માલિક ન હોવા છતા ભાડા કરાર કરી રૂ.૨૧ હજારના ભાડે આપી દેતા જીતેન્દ્ર પટેલ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે છેતરપિંડીનો ગુનો નોધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સ્વાગત એફોર્ડ ફલેટ નં-ટી-૧૦૪ નો માલિક જીતેન્દ્ર પટેલ નથી. તેમ છતા તેને ભાડા કરાર કરી ફલેટ ભાડે આપ્યો હતો.

ત્યારે સ્વાગત ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.માં ફરજ બજાવતા જયદીપકુમાર હરીકૃષ્ણ મોદી વર્ષ ૨૦૧૨-૧૩ માં સ્વાગત એફોર્ડ નામની સ્કિમનું મુકવામાં આવી હતી. જે તેઓ સંભાળતા હતા, ત્યારે સ્કીમમાં કુલ -૨૪ બ્લોક નં.૪૮૦ મકાનો છે. સ્વાગત એફોર્ડ સ્કીમ વર્ષ ૨૦૧૬-૧૭માં સોસાયટીની કમીટીને સોંપવામાં આવતા સોસાયટી વહીવટ કરે છે.પરંતુ ચાર થી પાંચ ફલેટ વેચાણ



થયા નથી. જે ફલેટ કંપની હસ્તક અને કંપનીના નામે છે. સમાચાર માધ્યમોમાં સ્વાગત એફોર્ડના બેઝમેન્ટમાંથી બિનવારસી વર્ના કારમાંથી હથીયાર મળી આવ્યા હતા. જેથી ફલેટ નં.ટી.૧૦૪ માં તપાસ કરતા આ ફલેટનો હાલ કોઈ પણ પ્રકારનો દસ્તાવેજ કે લખાણ કરી આપવામાં આવ્યો નથી.જો કે કંપનીના ડીરેકટરે જે તે સમયે સેકટર-૭ પીઆઈ જે.એમ.ભરવાડને તેમના દિકરાના અભ્યાસ માટે ચાવી આપી હતી. જે અન્વયે નિભાવવામાં આવતા કોમ્પ્લીમેન્ટરી પત્રકમાં તેઓને કલબ હાઉસ, તેમજ જીમનુ કાર્ડ, ટાટા સ્કાય ચેનલની કુપન, વ્હીકલ સ્ટીકર, સોસાયટીના નિયમોની બુક, દિવાલ ઘડીયાળ તા.૨૫ માર્ચ ૨૦૧૫ ના રોજ ઈસ્યુ કર્યા હતા.જયારે પત્રકમાં મોબાઈલ નંબર લખાવી સહી કરી આપી હતી.જયારે જીતેન્દ્ર પટેલે (રહે મકાન નં.૬૪, રાજપથ બંગ્લોઝ સ્મૃતિ મંદિર ઘોડાસર અમદાવાદ), પીઆઈ જે. એમ. ભરવાડ પાસેથી કોઈપણ રીતે ચાવી મેળવી લઈ બારોબાર ફલેટનો માલિક બનીને ખોટા ભાડા કરાર કરી ત્રણ યુવતિઓને જુલાઈ ૨૦૨૨ થી ૨૧ હજાર ભાડે ફલેટ આપી દેવાયો હતો. જેમાં જીતેન્દ્ર પટેલે (સરનામુ શોભાસણ તા.જી.મહેસાણા) આધારકાર્ડ રજુ કરી ગેરકાયદેસર રીતે મકાન માલિક બની ભાડુ વસુલતા ઈન્ફોસીટી પોલીસ મથકે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

## ગલુદણ ક્રિએટીવ સ્કુલ સામે ખુલ્લી જગ્યામાંથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગરના ગલુદણ ગામની સીમમાં ક્રિએટીવ સ્કુલની સામે ખરાબાવાળી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓને રૂ.૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેમને બાતમી મળી હતી કે ગલુદણ ગામની સીમમાં ક્રિએટીવ સ્કુલની સામે ખરાબાવાળી જગ્યામાં કેટલાક શખ્સો હારજીતનો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા ગોળ કુંડાળુ વળી જુગાર રમતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા ગામના જાની વાસ ખાતે રહેતા કિરણ મનુભાઈ જાની, અજયકુમાર બાબુભાઈ સોલંકી, મેલાજી સોમાજી ઠાકોર હોવાનું જણાવ્યુ હતું. જયારે પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડા રૂ.૨૪૫૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડ રૂ.૮૩૫૦ મળી કુલ રૂ-.૧૦,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## એસજેપીઆઈ મેનેજમેન્ટ કોલેજનું સતત પાંચમા વર્ષે સો ટકા પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સ્થિત શ્રી જયરામ ભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ કોલેજે સતત પાંચમાં વર્ષે સો ટકા પ્લેસમેન્ટ રેકોર્ડ જાળવી રાખ્યો છે. ભારતની અગ્રણી કંપનીઓ જેવી કે ઈન્ફોસિસ, કોટક બેંક, ટીસીએસ, નેસ્લે, એકસાઇડ, આઈટીસી વગેરેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ કાર્યરત છે.



વર્ષ ૨૦૨૩માં પણ ડૉ.હરિશ્ચંદ્ર સિંગ રાઠોડની આગેવાની તળે અને પ્લેસમેન્ટ કોર્ડીનેટર ડૉ.યશ ભટ્ટના પ્રયત્ન સાથે કુલ ૧૦૪ વિધાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે જેમાંના મોટા ભાગના વિદ્યાર્થીઓનું સરેરાશ ૮ લાખના પેકેજ સાથે ખ્યાતનામ કંપનીઓ અને સ્ટાર્ટ અપ્સ દ્વારા ચયન કરવામાં આવ્યું હતું.

# ગુરુ અર્જુનદેવજીના શહીદી દિને ઘ-૫ ખાતે લસ્સી વિતરણ કરાયું





ગાંધીનગર, તા. ૨૩

આજે શીખ સંપ્રદાયના ગુરુ અર્જુનદેવજીનો શહીદ દિવસ હતો. ગુરુ અર્જુનદેવજી શીખ ધર્મના પાંચમા ગુરુ હતા અને તેઓ સત્ય માટે શહીદ થયાં હતાં.

તેમના શહીદી દિવસે દેશભરમાં શીખ સમુદાય દ્વારા સેવા કાર્યો કરીને ઉજવણી કરવામાં આવે છે.

ગાંધીનગરમાં પણ આજે ગુરુ અર્જુનદેવજીના શહીદી દિવસે શીખ સમુદાયે ઘ-૫ સર્કલ પાસે દિવસભર ઉનાળાની ગરમીમાં આવતાં જતાં વાહનચાલકો અને રાહદારીઓને લસ્સી પીવડાવી હતી. આ સેવા કાર્યમાં શહેરના શીખ સમુદાયના શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે જોડાયાં હતા અને બાળકો-મહિલાઓથી માંડીને યુવાનો તેમજ વડીલોએ પણ લસ્સી વિતરણની સેવા પુરી પાડી હતી.

## વલાદ ગામે ખુશી ટાયર પંકચરની દુકાન સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના વલાદ ગામે વિમલ પેસ્ટીસાઈડ કંપનીની સામે ખુશી ટાયર પંચર દુકાનની સામે થી ટીવીએસ અપાચે બાઈકની ચોરી થવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના લીમ્બડીયા ગામે પીનાકલ સ્કુલની સામે છાપરામાં રહેતા દિલિપભાઈ દંતાણી પરિવાર સાથે રહે છે અને મજુરી કામ કરે છે.તેઓએ વલાદ ગામના મિત્ર પાસેથી અપાચે બાઈક નં. જી.જે.૧૮.સી.પી.-૬૪૨૧ એક વર્ષ અગાઉ વેચાણ લીધુ હતું. અમદાવાદ નરોડા બગીચાની મજુરી કામ માટે જવાનુ હોવાથી ઘરેથી બાઈક લઈ વલાદ ગામે વિમલ પેસ્ટીસાઈઝ કંપની સામે ખુશી ટાયર પંકચર દુકાન સામે સવારના દસ વાગે બાઈક પાર્ક કરી અન્ય શ્રમિકો સાથે કામ કરવા માટે ગયા હતા. ત્યારબાદ રાત્રીના નવ વાગે પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા બાઈક મળી ન આવતા રૂ.૧૭ હજારની બાઈક ચોરી અંગે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વલાદ વિકાસ ફાઉન્ડેશન અને જીસીએસ હોસ્પિટલના સહયોગથી મેગા ફ્રી મેડિકલ કેમ્પ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં આવેલા વલાદ વિકાસ ફાઉન્ડેશન દ્વારા જીસીએસ હોસ્પિટલ ના સહયોગથી મેગા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ ગુરુવારે ૨૫/૫/૨૩ ના રોજ યોજાનાર છે.

જેમા નિષ્ણાત અને અનુભવી ડોકટરો મફત કન્સલ્ટિંગ કરી તપાસ કરશે. આ ડોક્ટરો માં ચામડી ના રોગો, સ્ત્રી રોગ,ફીઝીશીયન મેડીશન, બાળકો ના રોગો ના નિષ્ણાત ડોકટરો હાજરી આપશે. તેમજ દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવશે સ્થળ એમ.એસ.ભાણાવાલા હાઈસ્કૂલ વલાદ જી. ગાંધીનગર સમય ૦૮૩૦ થી ૧૨ સુધી. આજુબાજુના ગામના લોકો એ આ મેગા મેડિકલ ફ્રી કેમ્પ નો લાભ લેવા આપલીસ કરાઈ છે.

## ખૂણેખાંચરેથી

- જૂન માસ મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવા માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર મનપાની મિલ્કતવેરાની આવક ૧૭ કરોડને પાર થઈ છે. આજે ૬૯ લાખ કરતાં વધુની આવક થઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને લઈ પેયજળની માંગ વધી છે અને પુરા ફોર્સથી પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદો પણ વધી છે.
- ધો. ૧૦ના આજે જાહેર થનાર પરિણામને લઈ શૈક્ષણિક જગતમાં ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. વાલીઓ પણ ઉત્તેજીત જોવા મળી રહ્યા છે.
- દહેગામના યુવકે આર્થિક ભીંસમાંથી બહાર આવવા દારૂનો ધંધો શરૂ કર્યો અને ચોથા જ દિવસે પોલીસના હાથે પકડાઈ ગયો.
- કલોલના દિવડા તલાવડી ખાતે કુટુંબી ભાઈઓ વચ્ચે મકાનની જમીન બાબતે માથાકૂટ થતાં મામલો પોલીસ દફતરે પહોંચ્યો છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ પેયજળની માંગમાં વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર કડી સર્વ વિદ્યાલયમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા નોન સ્ટોપ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ જેમાં ૨૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર શહેરમાં ઘ રોડ પર વધેલા ટ્રાફિકના ભારણને લઈ ઘ-૫ તેમજ ઘ-સાડાચાર પાસે પોલીસ પોઈંટ બનાવવા જોઈએ તેમ લોકજીભે ચર્ચાઓ થતી સાંભળવા મળી છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા વધુ વકરી રહી છે.
- ગાંધીનગર શહેરમાં જી.સ્વાનની કનેકટીવીટી ધીમી ચાલતી હોવાનો ગણગણાટ કર્મચારીઓમાં સાંભળવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં પુસ્તકો અને નોટબુકોની ખરીદી માટે વાલીઓ દોડતા જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં પાણી અને ગટરલાઈનો નાખ્યા પછી પૂરણ યોગ્ય રીતે ન થતુ હોવાથી ચોમાસાનો ભય અત્યારથી નગરજનોની ચિંતાનો મુદ્દો બન્યો છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહેલ મરામત જાળવણી નિભાવણીને લઈ આજે સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- રાજ્યના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની કામગીરી અને પ્રગતિને લઈ આજે ઝુમ મિટીંગ યોજી ખાસ સમીક્ષા નોડલ ઓફિસર ડૉ. સુથારે કરી હતી.

## સાયન્સ સિટી ખાતે ‘BE AN AQUARIST’ વર્કશોપનો પ્રારંભ



ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં ‘BE AN AQUARIST’ નામના અદભૂત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ દિવસ માટે આયોજિત આ વર્કશોપનો ૨૩ મેથી પ્રારંભ થયો છે, જે ૨૭ મે સુધી ચાલશે. આ વર્કશોપમાં વિવિધ યુનિવર્સિટીની કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ એક્વેરિયમ સંબંધિત ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો સહિત ૫૦ જેટલાં વ્યક્તિઓ સામેલ થયા છે. પ્રથમ દિવસે વર્કશોપમાં જોડાનારા વિદ્યાર્થીઓ અને નાગરિકોનું ગુજરાત સાયન્સ સિટીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડો. હાર્દિક ગોહેલે સ્વાગત કર્યું હતું અને ગુજરાત સાયન્સ સિટીની ભારતની સૌથી મોટી એક્વેટિક ગેલેરીની વિશેષતા વિશે વાત કરી હતી. આ દરમિયાન ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીના સીનિયર ક્યુરેટર ડો. દિશાંત પારાશર્ય, આસિસ્ટન્ટ ક્યુરેટર ડો. શબનમ સૈયદ અને સાયન્સ સિટીના સાયન્સ પોપ્યુલરાઈઝેશન વિભાગના પ્રોજેક્ટ આસિસ્ટન્ટ હર્ષિદા પટેલ હાજર રહ્યા હતા. આ પાંચ દિવસ દરમિયાન ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને નાગરિકોને જળચર જીવો અને એક્વેરિયમ અંગે વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવશે. જેમાં મોટા એક્વેરિયમનું મેનેજમેન્ટ કઈ રીતે કરવું તેના વિશે તેમજ મોટી માછલીઓની જૈવિક અને ભૌતિક જરૂરિયાતો વિશે સમજ આપવામાં આવશે. આ ઉપરાંત એક્વેરિયમની દરેક બાબતો જેવી કે ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, વોટર સપ્લાય, તાપમાન નિયંત્રણ વગેરે વિશે સમજણ આપવામાં આવશે. સાથે સાથે કારકિર્દીલક્ષી માર્ગદર્શન પણ આપવામાં આવશે. વર્કશોપમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને લોકોને ગુજરાત સાયન્સ સિટી તરફથી આ અંગેનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

## એસ.ટી ડેપો સામેથી રમત-ગમત અધિકારીનું એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી પ્લોટ નં. ૫૪૫-૨ ખાતે રહેતા અને મુળ દહેગામના હાલીસા ગામના શૈલેષકુમાર રામાભાઈ રાઠોડ પરિવાર સાથે રહે છે અને અમદાવાદ લો ગાર્ડન ખાતે રમત-ગમત અધિકારી (ડીએસઓ) તરીકે ફરજ બજાવે છે.

ગત તા.૧૫ ના રોજ તેઓ ઘરેથી એકટીવા નં.જી.જે. ૧૮.સી.જે.-૭૪૩૩ લઈ એસટી ડેપો સામે સેકટર-૭ સી ડો.અશોક સોમાણીના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરી બસમાં બેસી નોકરી ગયા હતા.ત્યારબાદ સાંજે નોકરી થી પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. એકટીવા અંગે આસપાસ તપાસ કરી હોવા છતા મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

### વિજ્ઞાન ગુર્જરી દ્વારા

## પ્રો.પી.સી.વૈદ્યની જન્મજયંતિ ઉજવણીના પોસ્ટરનું વિમોચન




ગાંધીનગર,તા.૨૩

વિજ્ઞાન ગુર્જરી દ્વારા ગુજરાત ના વૈજ્ઞાનિકો તેમના અમૂલ્ય વિજ્ઞાન ક્ષેત્રે આપેલા યોગદાન ને સમાજનો દરેક વર્ગ સુધી પહોંચે તે હેતુસર વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના ભાગ રૂપે ૨૩ મે ૧૯૧૮ જૂનાગઢ જિલ્લામાં સામાન્ય બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા પ્રહલાદ વૈદ્ય , આઈન્સ્ટાઈન ના સાપેક્ષવાદ શાસ્ત્ર માં બેનમૂન સંશોધન કર્યું હતું. આવા મહાન ગણિતશાસ્ત્રી ની સિદ્ધિ આજના સમાજને વર્ણવા , મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અફેર અને વિજ્ઞાન ગુર્જરી ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના મહાન ગણિતશાસ્ત્રી પ્રોફેસર પી સી વૈદ્ય ની ૧૦૫ મી જન્મ જયંતી ઉજવવા હેતુસર, જૂન મહિના માં સમગ્ર ગુજરાત માં વિવિધ ૫(પાંચ) જેટલા કાર્યક્રમો થશે. જેના ભાગ રૂપે ગુજરાત સરકાર ના કલ્ચર મિનિસ્ટર, માનનીય શ્રી મુળુભાઈ બેરા ના દ્વારા પોસ્ટર નું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં વિજ્ઞાન ગુર્જરી ના પ્રતિનિધિ પ્રોફ. ચૈતન્ય જોશી, ડૉ. પ્રશાંત કુંજડીયા, જીગ્નેશ બોરીસાગર, ડૉ. માધવી જોશી, હિરેન રાજગુરુ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર જૂન મહિના દરમિયાન આઈઆઈટી ગાંધીનગર, રાજકોટ, અમરેલી, સુરત, કચ્છ ખાતે થશે. જેમાં પી સી વૈદ્ય ના યોગદાન તેમજ વૈદિક મેથ્સ વિશે માહિતી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટેના કાર્યક્રમો થશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગ્નેશ બોરીસાગર, ડૉ. પારસ ઉચાટ, પ્રદીપભાઈ જોશી, અતુલભાઈ વ્યાસ, યોગેશભાઈ અને અમિતભાઈ જગતીયા દ્વારા થવા માં જઈ રહ્યું છે.